

તાજેતરમાં યોજાયેલ ખેલમહાકુંભ ૨૦૧૮ની જિલ્લા કક્ષાની ટેકવાન્ડો સ્પર્ધાનું આયોજન તા. ૩/૧૦/૨૦૧૮ના રોજ યુનાઈટેડ પબ્લીક સ્કુલ છોટાઉદેપુર ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં બોડેલીના ચાર વિદ્યાર્થીઓ ખત્રી મો. સાદાબ એમ. યુ ૧૭ ૩૫-૩૮, અબ્દુલકાદીર એ યુ૧૪ ૨૭-૨૯કેજીમાં દ્વિતીય અને જાની શિવમ પી. યુ૧૭ ૫૫-૫૯ કેજીમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે તેઓને તેમના કોચ સાદિક એ. ખત્રી દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ જે તસવીરમાં નજરે પડે છે. (તસવીર : સલમાન મેમણ, બોડેલી)

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણની તૈયારીઓનું નિરીક્ષણ કરીને કેવડીયામાં જ મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી

રાજપીપળા, તા. ૧૮

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કેવડિયા માં સાધુ બેટ ખાતે નિર્માણ થયેલી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કરીને કેવડિયામાં જ ઉચ્ચસ્તરીય બેઠક યોજી સમીક્ષા કરી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલ પણ બેઠકમાં જોડાયા હતા.. વિજયભાઈ રૂપાણીએ બેઠકમાં માર્ગદર્શન આપતા સ્પષ્ટપણે કહ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા.૩૧ મી ઓક્ટોબરે આ પ્રતિમા રાષ્ટ્રને અર્પણ થયા બાદ દિવાળીના તહેવારોની રજાઓમાં તા.૧૦ નવેમ્બર સુધી પ્રવાસીઓનો ધસારો રહેશે, ત્યારે પ્રવાસન સુવિધાઓમાં સ્વચ્છ પીવાના પાણી, સ્વચ્છતા માટે જગ્યાએ જગ્યાએ કચરા પેટીઓ, શૌચાલય અને સિક્યુરિટી વ્યવસ્થા સુદ્રઢ અને પૂરતી માત્રામાં ઉભી કરવાને અગ્રતા અપાય. તેમણે ઉમેર્યુ કે, વર્લ્ડ ક્લાસ સુવિધા અહીં આપણે ઉભી કરવી છે. આ સંદર્ભમાં વિજયભાઇએ કેવડિયાના પ્રવેશ માર્ગથી શરુ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ડેમ સાઈટ વેલી ઓફ ફ્લાવર ટેન્ટ સીટી સહિતના દિશા સૂચક સાઈન બોર્ડ લગાવવા પણ સૂચના કરી હતી.

મુખ્યમંત્રીએ અહીં આવનારા પ્રવાસીઓ સ્થાનિક આદિજાતિ સંસ્કૃતિથી ભલીભાંતી પરિચિત થાય અને કલાદર્શન માણી શકે તે માટે સ્થાનિક ગ્રામીણ કલાકારોને પ્રોત્સાહિત કરવા અને તે દ્વારા ગ્રામિણ પરિવારોને આર્થિક આધાર આપી શકાય તે માટેનું આયોજન જિલ્લાતંત્ર કરે તેવું માર્ગદર્શન આપ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઇએ લેસરશો રાત્રીના સમયે નિયમિત પણે યોજાય અને તે સાથે જ સમગ્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર અને ડેમ સાઈટ સહિતના જોવાલાયક પ્રવાસન સ્થાનો પણ આકર્ષક લાઈટથી સજ્જથાય તેવું સુચન પણ કર્યું હતું.આ બેઠકમાં મુખ્ય સચિવ ડો.જે એન સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, વરિષ્ઠ સચિવ એ.કે.રાકેશ, જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. જીન્સી વિલિયમ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીઓ જિલ્લા વહીવટીતંત્રના તેમજ સંબધિત વિભાગોના અધિકારીઓએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી અને વિગતો પુરી પાડી હતી.

# જાતિ અંગેનું ખોટુ પ્રમાણપત્ર રજૂ કરનારે છોડવી પડશે સરકારી નોકરી

ગાંધીનગર,તા.૧૮

રાજયના કેટલાક ભાગોમાં બનેલી ખોટા જાતિના દાખલાઓ અંગેની ઘટનાને રાજય સરકારે ગંભીરતાથી લીધી છે. જાતિના ખોટા પ્રમાણપત્રોને આધારે અનામત પ્રથાને લાભ લેનારાઓ સાચા લોકોના બંધારણીય અધિકારોનો લાભ મેળવતા હતાં. આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને ગુના તરીકે ઠેરવી તેનો સંપૂર્ણ નાશ કરવાના હેતુથી ગુજરાત સરકારના સંબધિત બે વિભાગો આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સંયુકત રીતે કાયદો તૈયાર કરવામાં આવ્યો છે. આ કાયદાને હવે મંજૂરી મળી ગઈ છે.

રાજયના આદિજાતિ પ્રધાન ગણપતસિંહ વસાવાએ જણાવ્યું કે, જાતિ અંગેના ખોટા પ્રમાણપત્રોના આધારે લાભ લેનારાઓને હવે કડકમાં કડક સજા કરવામાં આવશે. આ અંગેના કાયદાને ભારતના રાષ્ટ્રપતિની મંજૂરીની મહોર મળી જતાં હવે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા સામે આકરા પગલા ભરવામાં આવશે.

ગુજરાત રાજયએ દેશનું એક માત્ર એવું રાજય છે કે જેના જાતિ અંગેના પ્રમાણપત્રના કાયદાને રાષ્ટ્રપતિએ મંજૂર કરેલ છે જેથી આ કાયદાનું મહત્વ અને અગત્યતા વધારે રહેશે.

આ કાયદાની મુખ્ય જોગવાઈઓની વિગતો આપતા વસાવાએ ઉમેર્યું હતું કે, જયારે કોઇ ST/SC/OBC ઉમેદવારોની પસંદગી સરકારી નોકરીમાં થશે ત્યારે, શરૂઆતમાં જ તેના જાતિના પ્રમાણપત્રની ખરાઇ કરવામાં આવશે અને જો આવું જાતિ અંગેનું પ્રમાણપત્ર ખોટું સાબિત થશે તો તેણે નોકરી માટેનો ઓર્ડર આપવામાં આવશે નહીં અને જેઓ નોકરી કરે છે તેઓનું જાતિ પ્રમાણપત્ર ખોટું સાબિત થશે તો તેને સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવશે. જો કોઇ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હશે તે પ્રવેશ રદ થશે અને તેની ડિગ્રી પણ કરી જપ્ત કરવામાં આવશે.

જો કોઇ વ્યકિત આવા ખોટા જાતિના પ્રમાણપત્રને આધારે ચૂંટણી લડ્યો હશે તો તેનું ગ્રામ પંચાયતના સભ્ય, સરપંચ, ડેપ્યુટી સરપંચ, તાલુકા પંચાયતના સભ્ય, જિલ્લા પંચાયતના સભ્ય, ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકેનું સભ્ય પદ પણ રદ કરવામાં આવશે.

# આધાર કાર્ડના કારણે નહી બંધ થાય ૫૦ કરોડ મોબાઈલ કનેકશન : સરકારની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,તા.૧૮

હાલમાં મીડિયામાં ચાલી રહેલા અહેવાલ કે ૫૦ કરોડ મોબાઈલ યૂઝર્સના નંબર બંધ થવાના છે તેનાથી જો તમે પરેશાન હશો તો તમારા માટે રાહતના સમાચાર છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ અને યુનીક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ સંયુક્ત નિવેદન જારી કરીને મીડિયામાં ચાલી રહેલા આવા કોઈ પણ અહેવાલને ફગાવ્યાં છે તથા તેને પાયાવિહોણા ગણાવ્યાં છે. UIDAIના નિવેદનમાં કહેવાયું છે કે આ પ્રકારના અહેવાલો મોબાઈલ ગ્રાહકોની અંદર એક પ્રકારનું ભયનું વાતાવરણ તૈયાર કરી રહ્યાં છે. તેમાં કોઈ સચ્ચાઈ નથી. લોકોએ આવા અહેવાલો પર ધ્યાન આપવું જોઈએ નહીં. આવું કઈ થવાનું નથી.

અગાઉ એવા અહેવાલ આવ્યાં હતાં કે દેસમાં ૫૦ કરોડ મોબાઈલ યૂઝર્સના નંબર બંધ થઈ શકે છે. મીડિયા રિપોર્ટર્સમાં જણાવાયું હતું કે આ જોખમ એવા મોબાઈલ ધારકો માટે છે જેમણે કનેક્શન લેવા માટે આધાર કાર્ડ સિવાય બીજુ કોઈ ઓળખપત્ર આપ્યું નથી. અત્રે જણાવવાનું કે દેશમાં લગભગ ૧૦૦ કરોડ મોબાઈલ કનેક્શન છે. જો ૫૦ કરોડ મોબાઈલ નંબર બંધ થવાની અહેવાલ સાચા પડત તો કુલ મોબાઈલ કનેક્શનના તે અડધા હોત. અહેવાલોમાં એમ પણ કહેવાયું હતું કે ફક્ત આધાર કાર્ડ આપીને મોબાઈલ કનેક્શન લેનારા લોકોએ નવી દ્વરૂઝ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આધાર વેરિફિકેશન દ્વારા લેવાયેલા આ સિમ કાર્ડને જો કોઈ બીજી આઈડેન્ટિફિકેશન પ્રક્રિયાનો બેકઅપ ન મળ્યો તો તે બંધ થઈ શકે છે. ત્યારબાદ આધાર દ્વારા દ્વરૂઝ પ્રક્રિયામાંથી પસાર થનારા યૂઝર્સ ખુબ ચિંતામાં હતાં.

## ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા અજાણ્યા પુરૂષનું મરણ

વડોદરા, ૧૮

અંદાજે ૫૦ વર્ષની ઉંમરનો અજાણ્યો પુરૂષ તા.૧૪/૧૦/૨૦૧૮ના રોજ ઇજાગ્રસ્ત હાલતમાં રણોલી બ્રીજ નીચેથી મળી આવ્યો હતો. તેનું તા.૧૫/૧૦/૨૦૧૮ના રોજ સારવાર દરમિયાન એસ.એસ.જી. હોસ્પિટલમાં મરણ થયું છે.

# મહિલાના ગળામાંથી ચેઈન આંચકી લઈ બે અજાણ્યા ગઠીયા ફરાર

વડોદરા, તા.૧૮

રાત્રીના સમયે સોસાયટીમાંથી પસાર થતી મહિલાના ગળામાંથી સોનાની ચેઈન તોડી લઈ અજાણ્યો ગઠીયો રાહ જોઈને ઉભેલા એકટીવા ચાલકની પાછળ બેસી ફરાર થયો હોવાનો બનાવ ગોત્રી પોલીસ મથકે નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતીનુસાર ગોત્રી મધર સ્કુલની પાછળ જય જલારામ સોસાયટીમાં રહેતા રમેશચંદ્ર દવે પુજારી તરીકે સેવા આપે છે. ગત બુધવારના રોજ આઠમ નિમિત્તે તડકેશ્વર મહાદેવ મંદિર હવન કરવામાં આવ્યો હતો. પત્ની કોકીલાબેન દવે પણ ઘરેથી રવાના થઈ મંદિર પહોંચતા હતા. ત્યારે માર્ગમાં શકિતનગર સોસાયટીમાંથી પસાર થઈ કોકીલાબેન દવે અચાનક પાછળથી ધસી આવેલા અજાણ્યા શખ્સે ગળામાંથી સોનાની ચેઈન આંચકી લીધી હતી. ત્યાર પચી સોસાયટીના નાકે રાહ જોઈને ઉભેલા અજાણ્યા એકટીવા ચાલકની પાછળ તે ગોઠવાઈ ગયો હતો. કોકીલાબેન દવેએ ચારે ચાર પકડો પકડોની બુમો પાડતા સ્થાનિક રહીશો દોડી આવતયા હતા. તે પુર્વે બન્ને અજાણ્યા ગઠીયા એકટીવા હંકારી ફરાર થઈ ગયા હતા. ગોત્રી પોલીસ મથક લુટનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# યુવતિની છેડતી કરવાના મુદ્દે બોલાચાલીઃ ભાઈ પર હુમલો

વડોદરા, તા.૧૮

યુવતિને માર્ગમાં હેરાન કરવા બદલ ભાઈએ ઠપકો આપતા રોષે ભરાયેલા શકિતસિંહ ચૌહાણે દંડા વડે હુમલો કર્યો હતો. નવાપુરા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતીનુસાર દાંડીયાબજાર વિસ્તારમાં રહેતી યુવતિ ખાનગી કંપનીની ઓફિસમાં ફરજ બજાવે છે. ચારમાસ પુર્વે શિવાબાગ બોરડી ફળીયામાં રહેતા શકિતસિંહ ચૌહાણ યુવતિનો પીછો કરી હેરાન કરતો હતો. આથી યુવતિએ મહિલા પોલીસમાં અરજી આપી હતી. અરજીના આધારે પોલીસ સમક્ષ શકિતસિંહ ચૌહાણે યુવતિને હેરાન નહી કરવાની બાંહેધરી આપી હતી. આથી યુવતિએ શકિતસિંહ વિરૂધ્ધ ફરિયાદ કરવાનો નિર્ણય પડતો મુક્યો હતો.થોડા સમય અગાઉ શકિતસિંહ ચૌહાણે તેની બેઠક સ્થળ નજીકથી પસાર થતી યુવતિને હેરાન કરવી અને તેનો પીછો કરવાનું શરૂ કર્યુ હતું. યુવતિના ભાઈએ ઉપરાણુ લઈ શકિતસિંહને ઠપકો આપ્યો હતો. તુ તુ મે મે થયા બાદ શકિતસિંહે લાકડીના દંડા વડે હુમલો કરતા યુવતિના ભાઈને ઈજા થઈ હતી. નવાપુરા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર-મકાઇ-બાજરીની ખરીદી માટે

# વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં ૧૧ ખરીદ કેન્દ્રો ખાતે નોંધણી કરાશે

વડોદરા, ૧૮

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા રાજ્ય સરકારે તાજેતરમાં ભારત સરકારે જાહેર કરેલા ડાંગર-મકાઇ-બાજરીની લઘુત્તમ ટેકાના ભાવથી ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવા માટે વડોદરા જિલ્લામાં ૦૬ અને છોટાઉદેપુર જિલ્લામાં ૦૫ મળીને કુલ ૧૧ ખરીદ કેન્દ્રોની વ્યવસ્થા કરી છે. તદઅનુસાર, નિગમના વડોદરા જિલ્લામાં ડભોઇ, પાદરા, કરજણ, સાવલી, શિનોર અને વાઘોડિયા તથા છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર, નસવાડી, કવાંટ પાવીજેતપુર અને સંખેડા ખાતેના ગોડાઉન્સ સીધા ખરીદ કેન્દ્રો તરીકે નિર્ધારીત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૮-૧૯ અંતર્ગત ડાંગર, મકાઇ અને બાજરાની ખરીદી આગામી તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમિયાન ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના રાજ્યભરના ૫૯ જેટલા ખરીદ કેન્દ્રો/ગોડાઉન કેન્દ્રો ખાતે કરવામાં આવનાર છે.

ભારત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ ડાંગર (કોમન) માટે રૂા. ૧૭૫૦/- પ્રતિ ક્વિન્ટલ, ડાંગર ગ્રેડ-એ માટે રૂા. ૧૭૭૦/- પ્રતિ ક્વિન્ટલ, મકાઇ માટે રૂા. ૧૭૦૦/- પ્રતિ ક્વિન્ટલ અને બાજરા માટે રૂા. ૧૯૫૦/- પ્રતિ ક્વિન્ટલ નિયત કરેલ છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોને ઓનલાઇન નોંધણી http://pds.gujarat.gov.in જે તે ગોડાઉન્સ ખાતે કરાવવા જણાવાયું છે.

# પોલોગ્રાઉન્ડ ખાતે રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે

વડોદરા, તા.૧૮

ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘ લગભગ પાંચ દાયકાથી વડોદરામાં કામ કરે છે. સંસ્થા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત સ્વાસ્થ્ય, શિક્ષા અને સ્વચ્છતા પર કાર્ય કરી રહયું છે. એક રાષ્ટ્ર શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણ માટે કામ કરતી આ સંસ્થા તેઓ દ્વારા આગામી તા.૧૯મી ઓકટોબરના રોજ સાંજે ૫.૦૦ કલાકે પોલોગ્રાઉન્ડ ખાતે રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે.

સંસ્થા છેલ્લા ૩૮ વર્ષોથી વડોદરામા દશેરા કરતુ આવ્યું છે. સંસ્થા કન્યા ભૃણ હત્યાનો વિરોધ, સ્વચ્છતા ભાઈચારા વગેરે જેવી બાબતો પર કાર્ય કરી રહયું છે.

# સરકારી હોસ્પિટલોમાં કેન્સર, હૃદય અને ફેફસાના દર્દોની સારવાર થશે

ન્યુ દિલ્હી,તા.૧૮

હવે કેન્સર, હૃદય અને ફેફસાની ખરાબીથી બિમાર પડતા દદર્ઓની સારવાર જિલ્લા સરકારી હોસ્પિટલોમાં થશે. દેશભરની સરકારી હોસ્પિટલમાં સરકાર ખાનગી ભાગીદારીથી નવી સુવિધાઓનું નેટવર્ક ઉભું કરવાની તૈયારી કરી રહી છે. આ નેટવર્કથી ગરીબ લોકોને ગંભીર બિમારીમાં પણ સરકારી હોસ્પિટલમાં જ સારવાર મળી શકશે. ખાનગી દવાખાનાના તગડા બિલ ભરવામાંથી મુક્તિ મળશે. નીતિ પંચે ગઈકાલની બેઠકમાં આ મુદે નવા દિશા-નિર્દેશક જારી કરી દીધા હતા.સરકારી અને ખાનગી ભાગીદારીના મોડેલ મારફત દેશની ૭૦૦ સરકારી હોસ્પિટલોમાં ખાનગી હોસ્પિટલોનાં સેન્ટર તૈયાર કરવામાં આવશે. આ જ સેન્ટરોમાં કેન્સર હૃદયના રોગી અને ફેફસાના દદર્ઓની સારવાર થશે. દરેક જાતની ચકાસણી અહી જ કરવામાં આવશે. નીતિ પંચના પ્રમુખ અમિતાભ કાન્તે એવી માહિતી આપી છે કે, બે વર્ષ સુધી આ બાબતે મંથન થયા બાદ નક્કર કામગીરી શરૂ થશે. નવી ગાઈડલાઈનથી ખાનગી ક્ષેત્રનો સહયોગ સરળતાથી મળશે અને દેશમાં ગંભીર બિમારીઓ માટે વિશ્વસ્તરિય પાયાની સુવિધાનું નેટવર્ક બનશે. દેશમાં ગંભીર બિમારીની સંખ્યા વધી રહી છે અને ગરીબ લોકોને ખાનગી દવાખાનાના તોતિંગ બિલ પોસાતા નથી પરિણામે અનેક દદર્ઓ ભોગ બને છે.

### પ્રધામંત્રી આવાસ યોજના હેઠળ ઈકોનોમીક લોવર એકસ અંતર્ગત

# રૂા.૫૨.૭૫ કરોડના ખર્ચે શહેરમાં વધુ ત્રણ સરકારી આવાસ યોજના નિર્માણ પામશે

વડોદરા, તા.૧૮

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઈડબલ્યુએસ લોવર એકસન આવાસ યોજનામાં હાઈરાઈઝ લોરાઈઝ ફ્લેટ ટાઈપ આવાસો માટે વિવિધ ત્રણ વિસ્તારોમાં સ્કિમ મુકાશે જે માટે ૧૦ ટકા સુધીની એસએસઆઈને કોમર્શિયલ આયોજન હેતુ વિકસાવાશે. આ માટે પાલિકાને રૂા.૫૨.૭૫ કરોડનો ખર્ચ થશે.

શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતની આવાસોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરેલ છે. જે અન્વયે ગુજરાત રાજયમાં મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓમાં વસતા શહેરી ગરીબો હેઠળના લાભાર્થીઓને વ્યાજબી ભાવે સુવિધાયુકત આવાસો આપવાની યોજનાઓનો સમાવેશ કરેલ છે. આવાસ યોજના માટે ફાળવેલ જમીન પર પ્રધાનમંત્રી આવાસ સરકાર દ્વારા પ્રથમ તબકકામાં ૪૧૦૦૦ આવાસો બનાવવાનો લક્ષ્યાંક ફાળવવામા આવેલ છે.

ઈડબલ્યુએસના મકાનનો બનાવવા માટેના આયોજન અને અંદાજ રજુ કરેલ છે. ઈડબલ્યુએસ-૧ પ્રકારના આવાસો ૩૦,૦૦૦ ચો.મી. કાર્પેટ એરીયાવાળા બે રૂમ+ રસોડાના સંપૂર્ણ સુવિધાયુકત કુલ ૧૫૫૦ આવાસો બનાવવા માટે કુલ ૫ પેકેજના અંદાજ કન્સલન્ટન્ટશે દ્વારા રજુ કરવામાં આવેલ છે. યોજનાની મુખ્ય વિશેષતાઓમાં ભુકંપ પ્રતિરોધ આરસીસી બાંધકામ આકર્ષક એલીએશન એલ્યુમીનીયમ ગ્લાસ વિન્ડોઝ (સેફટી ગ્રીલસાથે) ટ્રિફાઈડ ટાઈલ્સ ફલોરીંગ, કોટાસ્ટોન, કીચન પ્લેટફોર્મ ગ્લેઝડટાઈલ્સ, લીફ્ટ, આંતરીક આરસીસી રસ્તા, લીફ્ટ, આતરીક આરસીસી રસ્તા રબર મોલ્ડેડ, પેવર બ્લોક, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કોમન લાઈન માટષ સોલરલાઈટની સુવિધા, બાળકો માટે રમતગમતના સાધનો તથા ગાર્ડન (ઉપલબ્ધ જગ્યા મુજબ) વિગેરે સાથેની સુવિધાસાહના યોજનાની ગાઈડલાઈન મુજબની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. યોજનાનામાં સરકારની ગાઈડલાઈ મુજબ ૧૦ ટકા સુધીના એફએસઆઈને કોમર્શિયલ આયોજન માટે રાખી શકાય.

સમગ્ર આયોજનના ભાગરૂપે વડોદરામાં વધુ ત્રણ યોજનાઓ આકાર પામશે. જેમાં અકોટા તાંદલજા ટીપી ૨૧.ફાઈનલ પ્લોટ ૧૧૯ ખાતે ૧૮૦ આવાસો, સયાજીપુરા ટીપી-૧, ફાઈનલ પ્લોટ ૧૧૯,૧૨૪ ખાતે ૩૫૦ આવાસો, સયાજીપુરા ટીપી-૧, ફાઈનલ પ્લોટ ૧૨૬ ખાતે ૩૦૮ આવાસો બનાવવામાં આવશે. જે પૈકી ૨૧.૭૦ કરોડ અને રૂા.૧૯.૩૪ કરોડ મળી કુલ રૂા.૫૨.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ સાથે યોજનામાં ઈજારદારને આવાસો અને ૧૦ ટકા સુધીની એફએસઆઈ આપવામાં આવશે. આ માટેનું સમગ્ર કામ સ્થાયી સમિતિમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવ્યું છે.

# વડોદરાની મહિલાએ માંના ગર્ભાશયથી આપ્યો બાળકને જન્મ ડોકટરોનો સફળ ટ્રાન્સપ્લાન્ટ

વડોદરા,તા.૧૮

ભલે ચિકિત્સા જગતમાં ગમે તેટલું અજાયબી જોવા મળ્યું હોય પણ ડૉક્ટરો માને છે કે આવી ઘટના દેશમાં ભાગ્યે જ જોવા મળે છે, લગભગ આ ઘટના કદી જોવા મળી નથી. પુણેના ગૅલેક્સી કેર હોસ્પિટલમાં એક મહિલાએ પોતાની માતાના ગર્ભાશયથી બાળકને જન્મ આપ્યો છે, ૧૭ મહિના પહેલા જ સ્ત્રીના ગર્ભાશયનું ટ્રાન્સપ્લાન્ટ થયું હતું અને તેની માતાએ તેને આ અંગ ડોનેટ કર્યું હતું. બાળક અને માતા બન્ને સલામત છે અને ડૉક્ટર્સ તેની સેવામાં છે.

વડોદરાની સ્ત્રીનું ૧૭ મહિના પહેલા ટ્રાન્સપ્લાન્ટ થયું હતું અને બાળકને જન્મ આપ્યો, આ ઘટના દેસમાં બીજી ઘટનાં છે. પહેલું આવું ઓપરેશન પણ એક દિવસ પહેલા જ થયું હતું. બાદમાં પ્રેગ્નેન્ટ થયેલ સ્ત્રીને ડોક્ટર્સે ઈમર્જન્સીમાં સિઝેરિયનથી બાળકને કાઢવુ પડ્યું અને તેણીએ બાળકને જન્મ આપ્યો. જોકે બાળકનો જન્સ સમય પહેલા થયો હતો અને ૩૨ અઠવાડિયાની પ્રેગ્નેન્સી પછી બાળક જનમ્યું હતું, પરંતુ તે સ્વસ્થ છે. ટ્રાન્સપ્લાન્ટ સર્જન શૈલેશ પુંટામબેકરે કહ્યું કે 'જન્મ સમયે સમયે બાળકનું વજન ૧,૪૫૦ ગ્રામ હતું. હવે બાળક અને માતા બંને સ્વસ્થ છે.

છેલ્લું એક વર્ષ ખૂબ જ પડકારજનક રહ્યું હતું, પરંતુ ટ્રાન્સપ્લાન્ટ પછી સફળતાપૂર્વક સ્વસ્થ બાળકનો જન્મ થયો છે. આ બાળક હવે દેશ અને વિશ્વને આ રીતે એમનાં જન્મની અનોખી વાર્તા સંભળાવશે' ડૉક્ટર્સ જયારે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં સી-સેક્શનની તૈયારી કરી રહ્યા હતાં, જયારે ગર્ભ લગભગ ૩૪ અઠવાડિયાનું થયું હતું, અચાનક પરિસ્થિતિ બગડી અને માતાનું બ્લડ શુગર અને બલ્ડ પ્રેશર વધી રહ્યા હતાં. ડૉક્ટરએ તપાસ કરી તો ખબર પડી કે પ્લેસેન્ટા (ગર્ભને પોષણ આપનાર અંગ) ગર્ભથી વધુ ઝડપથી વિકાસ પામી રહ્યું છે. આવા સમયે ગર્ભ અવ્યવસ્થિત રહે છે અને શરીરને લાગે છે કે તે વિકસિત થાય છે અને તેને શક્તિ મળવાનું બંધ થાય છે.

મહિલાને તેની ૪૫ વર્ષની માતાએ પોતાનું ગર્ભાશય ડોનેટ કર્યું. ટ્રાન્સપ્લાન્ટ કેસમાં પ્રેગ્નેન્સીની ખબર પડી ત્યારથી જ મહિલાની પુણે હોસ્પિટલમાં દેખરેખ રાખવામાં આવી હતી. વાસ્તવમાં આ પરિસ્થિતિમાં અંગનું ટ્રાન્સપ્લાંટ થાય છે પરંતુ બધા નર્વ્સ પહેલાની જેમ નથી જોડાય રહેતા તેથી ગર્ભવતીને દુખાવાની ખબર નથી પડતી. આ કારણોસર આ પ્રક્રિયા પડકારરૂપ હતી. આખરે માતા અને બાળક બંને સ્વસ્થ છે અને ડૉક્ટર પણ આ ઘટનાને મહાન સફળતા માને છે.

# બાપૂનો ભાજપને ઝટકો અંતે મહેન્દ્રસિંહ વાઘેલાએ કેસરિયો ઉતાર્યો

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર અને બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ આજે ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી પોતાનું રાજીનામું આપી દીધું છે. છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી અટકળો અનુસાર શંકરસિંહ વાઘેલા અને મહેન્દ્રસિંહ વાઘેલા બંન્નેનું એનસીપીમાં જોડાવાનું નક્કી મનાઈ રહ્યું છે. ત્યારે આગામી ચૂંટણીમાં ગુજરાતમાં ત્રિપાંખિયો જંગ થવાની શક્યતાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહેન્દ્રસિંહ વાઘેલા અષાઢી બીજના દિવસે જ ભાજપમાં જોડાયા હતા. ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ મહેન્દ્રસિંહને કેસરિયો ખેસ પહેરાવી પાર્ટીમાં આવકાર્યા હતા. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત અનેક ભાજપી નેતાઓ હાજર રહ્યા હતા.આ અંગે લાંબા સમયથી વિચારણા ચાલી રહી હતી. પરંતુ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ગુજરાત આગમન સમયે જ ભાજપમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, મહેન્દ્રસિંહે ગત વર્ષના ઓગસ્ટ માસમાં યોજાયેલી રાજ્યસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું.બીજેપીમાં પ્રવેશ કર્યા બાદ મહેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, પાર્ટી કહેશે તે કરીશ, કોંગ્રેસ ક્યારેય ઉભી થશે નહીં. આ પહેલા કોળી મતો અંકે કરવા બાવળિયાને લાવ્યા બાદ હવે મહેન્દ્રસિંહ વાઘેલાને પાર્ટીમાં લાવીને ક્ષત્રિય વોટબેંક મજબૂત કરવાનો પ્રયાસ કર્યો હતો.

INEOS
STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.
**CIN:** L25200GJ1973PLC002436
**Tel. No. :** +91 265 2303201 **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015 that meeting of Board of Directors of the Company will be held on **Tuesday, 13 November 2018,** inter alia, to approve the unaudited financial results of the Company for the second quarter ended on 30 September 2018.

The instant notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com and on the website of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Sanjiv Vasudeva**
Managing Director

**Date : 19.10.2018**
**Place : Vadodara**